# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકતામાં આશરે 18 હજાર 680 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ્સ માત્ર પશ્ચિમ બંગાળ જ નહીં પરંતુ સમગ્ર પૂર્વીય ક્ષેત્રના વિકાસને નવી ગતિ આપશે.
2. પ્રધાનમંત્રીએ આસામના સિલચરથી 23 હજાર 550 કરોડના વિવિધ વિકાસ કામોનો શુભારંભ કરાવ્યો.
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પંજાબને ખાતરી આપી કે જો ભાજપ સત્તામાં આવશે તો, તે બે વર્ષમાં રાજ્યને નશા મુક્ત બનાવશે
4. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે કોઈપણ રિટેલ આઉટલેટ અથવા LPG વિતરક પર LPG ની કોઈ અછત નથી
5. નવી દિલ્હીમાં આયોજિત 2026 વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસમાં ભારતે 208 મેડલ મેળવ્યા

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM KOLKATTA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોલકતામાં આશરે 18 હજાર 680 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ માત્ર પશ્ચિમ બંગાળ રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર પૂર્વીય ક્ષેત્રના વિકાસને નવી ગતિ આપશે.

(BYTE : PM KOLKATTA)

માર્ગ માળખાગત સુવિધાઓને પ્રોત્સાહન આપતા, તેમણે આશરે 16 હજાર 990 કરોડના ખર્ચે કુલ 420 કિલોમીટરથી વધુના અનેક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો.

આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ અનેક શિપિંગ અને બંદર સંબંધિત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમણે હલ્દિયા ડોક કોમ્પ્લેક્સના બર્થ નંબર 2 માટે મિકેનાઇઝેશન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ ખિદ્દરપોર ડોક્સ ખાતે નવીનીકરણ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કર્યું.

પ્રધાનમંત્રીએ રાજ્યમાં અનેક બંદર માળખાગત પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ અમૃત સ્ટેશન યોજના હેઠળ છ

પુનઃવિકસિત રેલ્વે સ્ટેશનોનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ બે રેલ્વે પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા.

સભાને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ પશ્ચિમ બંગાળ અને પૂર્વ ભારતમાં નવી ગતિ પ્રદાન કરશે. શ્રી મોદીએ પશ્ચિમ બંગાળ સરકારની ટીકા કરતાં જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં જંગલ રાજ ચાલી રહ્યું છે.

(BYTE : PM KOLKATTA)

# PM SILCHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના સિલચરથી 23 હજાર 550 કરોડના વિવિધ વિકાસ કામોનો શુભારંભ કરાવ્યો. શ્રી મોદીએ સિલચરના અંબિકાપુરમાં ત્રણ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ્સમાં 22 હજાર 864 કરોડના ખર્ચે સિલચર હાઇ-સ્પીડ કોરિડોર, આશરે રૂપિયા 565 કરોડના ખર્ચે સિલચર ટાઉન ફ્લાયઓવર અને રૂપિયા 122 કરોડના ખર્ચે પથરકાંડી એગ્રીકલ્ચરલ કોલેજનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે, શ્રી પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આસામની બરાક ખીણ ભારતને દક્ષિણપૂર્વ એશિયા સાથે જોડતી એક મહત્વપૂર્ણ કડી તરીકે ઉભરી રહી છે. તેમણે કોંગ્રેસ સરકાર પર આઝાદી પછી દાયકાઓ સુધી આ પ્રદેશની અવગણના કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વ હવે ભારતની એક્ટ ઇસ્ટ પોલિસીનું નેતૃત્વ કરી રહ્યું છે.

(Byte-PM-Silchar Project-31)

આઝાદી પછી દાયકાઓ સુધી કોંગ્રેસ સરકારોએ શાસન કર્યું, પરંતુ બરાક ખીણના વિકાસ માટે કંઈ નોંધપાત્ર કરવામાં આવ્યું નહીં. ભાજપની ડબલ-એન્જિન સરકાર આ પરિસ્થિતિને બદલી રહી છે. અમે બરાક ખીણને ફરી એકવાર વેપાર અને વ્યવસાયનું મુખ્ય કેન્દ્ર બનાવવા માટે સતત કામ કરી રહ્યા છીએ.

# SHAH PUNJAB RALLY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પંજાબના મોગા જિલ્લામાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરાવ્યો. કિલી ચાહલાન ગામમાં "બદલાવ રેલી" ને સંબોધતા, શ્રી શાહે પંજાબને ખાતરી આપી કે જો ભાજપ સત્તામાં આવશે, તો તે બે વર્ષમાં રાજ્યને નશા મુક્ત બનાવશે અને ધાર્મિક ધર્માંતરણને કાયદેસર રીતે નાબૂદ કરવા માટે વિધાનસભામાં બિલ રજૂ કરશે.

શ્રી શાહે પંજાબમાં વધતા ગુના, માદકદ્રવ્યોનું વ્યસન, ધાર્મિક ધર્માંતરણ, ભ્રષ્ટાચાર અને ખેડૂતોની દુર્દશા માટે વર્તમાન આમ આદમી પાર્ટી સરકારને જવાબદાર ઠેરવી હતી. કેન્દ્રમાં ભાજપ સરકારે 1984ના શીખ રમખાણોના ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવ્યા છે.શ્રી શાહે કહ્યું કે અત્યાર સુધી, ભાજપ પંજાબની રાજનીતિમાં નાના ભાઈની ભૂમિકા ભજવી રહી છે, પરંતુ આ વખતે, પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, પાર્ટી રાજ્યમાં આગામી સરકાર બનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

# UPDATE: INTER-MINISTERIAL BRIEFING

ભારતીય ધ્વજ ધરાવતા બે જહાજો, શિવાલિક અને નંદા દેવી, આજે વહેલી સવારે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા. બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ આજે સાંજે દિલ્હીમાં આંતર-મંત્રાલય મીડિયા બ્રીફિંગને સંબોધતા આ વાત કહી. તેમણે કહ્યું કે આ જહાજો 92 હજાર 700 મેટ્રિક ટન LPG લઈ જઈ રહ્યા છે. શ્રી સિંહાએ જણાવ્યું કે આ જહાજો 16 અને 17 માર્ચે મુન્દ્રા અને કંડલા બંદરો પર પહોંચશે.

(BYTE : RAJESH KUMAR SINHA)

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે કોઈપણ રિટેલ આઉટલેટ અથવા LPG વિતરક પર LPG ની કોઈ અછત નથી, અને ડીઝલ અને પેટ્રોલ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. સંયુક્ત સચિવે નાગરિકોને LPG સિલિન્ડર બુક કરવા માટે ઉતાવળ ન કરવા અને જરૂર પડે ત્યારે જ બુક કરવા વિનંતી કરી. ઘરેલુ સિલિન્ડર બુક કરવામાં ગ્રાહકોને થતી અસુવિધા અંગે, સંયુક્ત સચિવે જણાવ્યું હતું કે શહેરી વિસ્તારોમાં અગાઉની ડિલિવરી તારીખથી 25 દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં અગાઉની ડિલિવરી તારીખથી 45 દિવસ પછી

સિલિન્ડર બુક કરાવી શકાય છે. તેમણે નાગરિકોને ડિજિટલ રીતે સિલિન્ડર બુક કરાવવા અને વિતરણ કેન્દ્રોની બહાર કતારમાં ઉભા રહેવાનું ટાળવા પણ વિનંતી કરી હતી.

વિદેશ મંત્રાલયમાં ખાડી વિસ્તારમાં અધિક સચિવ અસીમ મહાજને જણાવ્યું હતું કે ગયા મહિનાની 28મી તારીખથી 1 લાખ 72 હજાર ભારતીય નાગરિકો પશ્ચિમ એશિયા ક્ષેત્રમાંથી ઘરે પરત ફર્યા છે. દેશના વિવિધ વિમાનીમથક પર ઉડાનોની સંખ્યામાં વધારો થવા સાથે હવાઈ જોડાણ સતત સુધરી રહ્યું છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ સી. સેન્થિલ રાજને લોકોને સોશિયલ મીડિયા પર ફેલાતા ખોટા સમાચારોથી સાવધ રહેવા વિનંતી કરી.

# MOPNG - PETROL, DIESEL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે દેશભરના રિટેલ આઉટલેટ્સ પર પેટ્રોલ અને ડીઝલનો પૂરતો પુરવઠો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે તેમને તમિલનાડુમાં એક રિટેલર ખુલ્લા કન્ટેનરમાં પેટ્રોલ વેચી રહ્યો હોવાના અહેવાલો મળ્યા છે. મંત્રાલયે ગ્રાહકોને ખુલ્લા અથવા અયોગ્ય કન્ટેનરમાં ઇંધણ ખરીદવા અથવા સંગ્રહ ન કરવાની સલાહ આપી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે સંબંધિત પેટ્રોલ પંપને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે. મંત્રાલયે ચેતવણી આપી હતી કે કોઈપણ ઉલ્લંઘન માટે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# HPCL - LPG

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ - HPCL એ જણાવ્યું હતું કે ગઈકાલે દેશભરમાં 15 લાખથી વધુ રાંધણ ગેસ સિલિન્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું. એક સોશિયલ મીડિયા સંદેશમાં, HPCL એ ખાતરી આપી હતી કે બોટલિંગ પ્લાન્ટ અને LPG વિતરકો નાગરિકોના ઘરો સુધી કોઈપણ મુશ્કેલી વિના LPG સિલિન્ડર પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે અથાક મહેનત કરી રહ્યા છે. કંપનીએ નાગરિકોને કોઈપણ ભ્રામક માહિતીનો શિકાર ન બનવા વિનંતી કરી. HPCL એ નાગરિકોને LPG વિતરકોની મુલાકાત લેવાનું ટાળવા અને ઓનલાઈન બુકિંગ કરવાની સલાહ આપી.

# NORTH KOREA - MISSILES

ઉત્તર કોરિયાના પ્યોંગયાંગમાં લશ્કરી ગતિવિધિ બાદ પૂર્વ એશિયામાં તણાવ વધી ગયો છે. જાપાન સરકારે કટોકટીની ચેતવણી જાહેર કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઉત્તર કોરિયાએ શંકાસ્પદ બેલિસ્ટિક મિસાઇલ છોડ્યું છે. ચેતવણી બાદ, જાપાનના પ્રધાનમંત્રી સનાઈ તાકાઇચીએ નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કટોકટી પ્રોટોકોલ સક્રિય કર્યા હતા.

દરમિયાન, દક્ષિણ કોરિયાની સેનાએ જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાએ પૂર્વ સમુદ્ર તરફ આશરે 10 બેલિસ્ટિક મિસાઇલો છોડ્યા હતા. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે જણાવ્યું હતું કે મિસાઇલો પ્યોંગયાંગ નજીકના વિસ્તારમાંથી છોડવામાં આવી હતી.

# WORLD PARA ATHLETICS GRAND

નવી દિલ્હીમાં આયોજિત ૨૦૨૬ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસમાં ભારતનું પ્રભુત્વ રહ્યું. ત્રણ દિવસીય સ્પર્ધા ગઈકાલે ૨૦૮ મેડલ સાથે પૂર્ણ થઈ. આ સ્પર્ધામાં આઠ દેશોના આશરે ૨૫૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો: ભારત, રશિયા, નેપાળ, ભૂટાન, હોંગકોંગ, ચીન, સર્બિયા, બોસ્નિયા અને ઇજિપ્ત. ભારત 75 સુવર્ણ , 69 રજત અને 64 કાશ્ય ચંદ્રક સાથે મેડલ ટેબલમાં ટોચ પર હતું. રશિયા બીજા સ્થાને રહ્યું, જ્યારે બોસ્નિયા અને હર્ઝેગોવિના ત્રીજા સ્થાને રહ્યું.